# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત
## " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા નીચે પત્રકમાં જણાવેલ સ્થળે યોજવામાં આવનાર છે.

| અ.નં. | સ્પર્ધાનું સ્થળ | ભાગ લેનાર ઝોનના વિદ્યાર્થીઓ | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | ડી.આર.બી. કોલેજની સામે, નેસ્ટ હાઉસની નજીક, ન્યુ સીટીલાઈટ, અલથાણ, સુરત અથવા અનુકૂળ સ્થળે | અઠવા ઝોન, રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોન, ઉધના ઝોન–એ, ઉધના ઝોન–બી (કનકપુર–કનસાડ) | ૦૪/૦૫/૨૦૨૫ રવિવાર | સવારે ૮.૩૦ |
| ૨ | મ્યુનિ. મહારાણા પ્રતાપ(ચોપાટી) ગાર્ડનની બાજુમાં, વરાછા વોટર વર્કસની બાજુમાં, કાપોદ્રા, સુરત અથવા અનુકૂળ સ્થળે | કતારગામ ઝોન, વરાછા ઝોન(એ), વરાછા(સરથાણા) ઝોન(બી), લિંબાયત ઝોન | ૦૬/૦૫/૨૦૨૫ મંગળવાર | સવારે ૮.૩૦ |

ઉપરોકત બાળતરણ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો (છોકરા–છોકરીઓ) ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૧૮, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી તા.૨૨/૦૪/૨૦૨૫ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં પ્રવેશ ફોર્મ સાથે આધારકાર્ડની પ્રમાણિત નકલ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૧૮, સ્પોર્ટસ સેલ, મુગલીસરા, સુરત ખાતે પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in/information / news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

જનસંપર્ક વિભાગ

સુરતમહાનગરપાલિકાતરફથી સાદર

સમાચારયાદી

# સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા સંચાલિત
## પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત
## 'શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા'
## પ્રવેશપત્ર

૧. સ્પર્ધકનું નામ–સરનામું :
(ફોન/મોબાઈલ નંબર સહિત)

૨. જન્મતારીખ :

તા.૩૦/૦૪/૨૦૨૫ ના : વર્ષ : માસ : દિવસ :
રોજ પુરી થતી ઉંમર

૩. ભાગ લેનાર સ્પર્ધકની શાળાનું નામ :
અને સરનામું (ફોન / મોબાઈલ નંબર)

૪. લાગુ પડતો વિભાગ : **<u>વિદ્યાર્થી / વિદ્યાર્થીની</u>**

ઉપરોકત પ્રવેશ ફોર્મમાં જણાવેલ વિગત સાચી છે અને સ્પર્ધાના નિયમને આધિન છે. હું મારા જોખમે આ સ્પર્ધામાં ભાગ લેવા સમંત છું.

તારીખઃ / /૨૦૨૫. ____________________

સ્પર્ધકની સહી

**–: સોગંદનામું :–**

નિયમોમાં જણાવેલ સ્પર્ધાના સ્થળે યોજાનાર સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધામાં મારા દીકરા / દીકરીએ ઉપરોકત અરજી કરેલ છે. સ્પર્ધાના તમામ નિયમો અમે વાંચ્યા છે અને તે અમોને કબુલ મંજુર છે તથા તેનું પાલન કરવા અમો બાંહેધરી આપીએ છીએ. સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત થનાર તમામ જોખમોની જવાબદારી સ્પર્ધક તથા મા / બાપ / વાલીની છે તેની મને જાણ છે. ઉપરોકત સ્પર્ધામાં મારા સંતાનને ભાગ લેવા સંમતિ આપું છું.

તા. / /૨૦૨૫ ____________________

વાલીની સહી.

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૧૮, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૨૫/૦૪/૨૦૨૫ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. તા.૦૪/૦૫/૨૦૨૫ ને રવિવારના રોજ અને તા.૦૬/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૭.૩૦ કલાકે લાગત સ્પર્ધાને સ્થળે હાજર થવાનું રહેશે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત
પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત
શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાના નિયમો

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા નીચે પત્રકમાં જણાવેલ સ્થળે યોજવામાં આવનાર છે.

| અ.નં. | સ્પર્ધાનું સ્થળ | ભાગ લેનાર ઝોનના વિદ્યાર્થીઓ | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | ડી.આર.બી. કોલેજની સામે, નેસ્ટ હાઉસની નજીક, ન્યુ સીટીલાઈટ, અલથાણ, સુરત અથવા અનુકૂળ સ્થળે | અઠવા ઝોન, રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોન, ઉધના ઝોન–એ, ઉધના ઝોન–બી (કનકપુર–કનસાડ) | ૦૪/૦૫/૨૦૨૫ રવિવાર | સવારે ૮.૩૦ |
| ૨ | મ્યુનિ. મહારાણા પ્રતાપ(ચોપાટી) ગાર્ડનની બાજુમાં, વરાછા વોટર વર્કસની બાજુમાં, કાપોદ્રા, સુરત અથવા અનુકૂળ સ્થળે | કતારગામ ઝોન, વરાછા ઝોન(એ), વરાછા(સરથાણા) ઝોન(બી), લિંબાયત ઝોન | ૦૬/૦૫/૨૦૨૫ મંગળવાર | સવારે ૮.૩૦ |

૧. બાળતરણ સ્પર્ધામાં સ્પર્ધકની ઉંમર મુજબ નીચે પ્રમાણે વિભાગો રહેશે.

| વિગત | વિભાગ | ઉંમર(વર્ષ) | જન્મ તારીખ | અંતર મીટરમાં |
|---|---|---|---|---|
| **વિદ્યાર્થીઓ** | અ | ૯ થી ૧૧ | ૩૦/૦૪/૨૦૧૪ થી ૩૦/૦૪/૨૦૧૬ | ૫૦ |
| " | બ | ૧૧ થી ૧૩ | ૩૦/૦૪/૨૦૧૨ થી ૩૦/૦૪/૨૦૧૪ | ૧૦૦ |
| **વિદ્યાર્થીનીઓ** | ક | ૯ થી ૧૧ | ૩૦/૦૪/૨૦૧૪ થી ૩૦/૦૪/૨૦૧૬ | ૫૦ |
| " | ડ | ૧૧ થી ૧૩ | ૩૦/૦૪/૨૦૧૨ થી ૩૦/૦૪/૨૦૧૪ | ૧૦૦ |

૨. સ્પર્ધામાં સુરત મહાનગરપાલિકાની હદમાં અભ્યાસ કરતા, કાયમી વસવાટ કરતા અથવા સુરતમાં જન્મેલા છોકરાઓ/ છોકરીઓ જ ભાગ લઈ શકશે.
૩. આ સ્પર્ધા માટે દરેક સ્પર્ધકે સ્પર્ધાના સ્થળે એક કલાક પહેલાં અચૂક હાજર રહેવું.
૪. તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ પૂરી થતી ઉંમર મુજબ હરીફોના વિભાગ ગણવામાં આવશે. હરીફોનાં ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડની પ્રમાણિત કરેલ નકલ આપવાની રહેશે અને તેમના પિતા / વાલીનું સમંતિપત્ર રજૂ કરવાનું રહેશે.
૫. શાળામાં ભણતા ન હોય તેવા છોકરાઓ / છોકરીઓ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. પરંતુ તેઓએ ઉંમરના પુરાવા તરીકે સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અથવા મહાનગરપાલિકાનો જન્મનો દાખલો રજૂ કરવાનો રહેશે. આવા સ્પર્ધકોએ સુરતમાં વસવાટ અંગેના રહેઠાણના અધિકૃત પૂરાવા રજૂ કરવાના રહેશે.
૬. દરેક સ્પર્ધકે અલગ પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મમાં સ્પર્ધકે પોતાનું નામ અને વિભાગ અચૂક લખવાનો રહેશે.
૭. દરેક વિભાગમાં ફ્રી સ્ટાઈલની તરણ સ્પર્ધા યોજવામાં આવશે.
૮. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોના ડોકટરી ફીટનેસ સર્ટીફીકેટ પ્રવેશપત્ર સાથે જ જોડવાના રહેશે. તે સિવાય પ્રવેશપત્ર સ્વીકારવામાં આવશે નહીં.
૯. સ્પર્ધામાં ઉપસ્થિત થનાર તમામ જોખમોની જવાબદારી હરિફોની તેમજ તેમના પિતા/વાલીની રહેશે.
૧૦. દરેક વિભાગમાં ઓછામાં ઓછા છ હરીફો થશે તો જ સ્પર્ધા યોજવામાં આવશે.
૧૧. રેફરીઓનો નિર્ણય આખરી ગણાશે. આ અંગે કોઈપણ વાદ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૧૨. સ્પર્ધાના અરજી ફોર્મ સ્વીકારવાની અંતિમ તા.૨૫/૦૪/૨૦૨૫ છે. ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
૧૩. જો સ્પર્ધાના ફોર્મની સંખ્યા ઓછી આવશે તો સ્પર્ધા કોઈપણ એક સ્થળ પર અથવા બીજા અનુકૂળ સ્થળ પર રમાડવામાં આવશે.

Sd/-xxx
ડે.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો સ્પોર્ટસ સેલ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૧૮, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૨૫/૦૪/૨૦૨૫ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. તા.૦૪/૦૫/૨૦૨૫ ને રવિવારના રોજ અને તા.૦૬/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૭.૩૦ કલાકે લાગત સ્પર્ધાને સ્થળે હાજર થવાનું રહેશે.